# પ્રકરણ - ૧

## પત્રકારત્વ : વ્યાખ્યા, વિભાવના, સ્વરૂપ, સંજ્ઞા

# પ્રકરણ - ૧

# પત્રકારત્વ : વ્યાખ્યા, વિભાવના, સ્વરૂપ, સંજ્ઞા

**પ્રસ્તાવના :-**

પત્રકારત્વ વિશે આમ તો આપણને બહુ જ જાતનાં જુદા જુદા વિચારો જાણવા મળે છે. કોઈ પત્રકારત્વને 'ધર્મયુદ્ધ' કહે છે, તો કોઈ વળી એને 'સમાજસેવા' કહે છે, તો કોઈ એને 'લોકતંત્રનો પાયો' માને છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, પત્રકારત્વ ફક્ત એક વ્યવસાય નથી, પણ વિશ્વમાં જગતમાં થઈ રહેલા બદલાવને દેખાડતી આંખ છે. પત્રકારત્વનો જન્મ બધી જ તત્કાલીન ઘટનાઓ અને સમસ્યાઓનું સાચું અને નિષ્પક્ષ વિશ્લેષણ ભાવકો સુધી પહોંચાડીને જનસમુદાયને જાગૃત કરવા કે એ ઘટનાઓથી વાકેફ કરવા થયો છે એમ કહી શકાય. આજે આપણે જોઈ રહ્યા છીએ કે, પત્રકારત્વ-સમાચારપત્રો-વગેરે પોતાની અસલ ઓળખ ગુમાવી રહ્યાં છે. આજે તો સમાચારપત્રોએ પ્રચંડ વ્યવસાયિક કે વ્યાપારિક રૂપ ધારણ કરી લીધું છે, પત્રોને અને સાથે સાથે પત્રકારત્વના વ્યવસાયને (જે સત્યની કસોટીમાં ખરુ ઉતરી શકે છે) બજારું બનાવી દેવામાં આવ્યો છે. અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા દેશોમાં તો પત્રકારત્વ અને સમાચારપત્રો ધનિકોના હાથની કઠપૂતળી બની ગયા છે. આપણા દૈનિક જગતમાં સમાચારપત્રોની ખાસ વિશેષતા છે. આમ જોવા જઈએ તો આ વ્યવસાય ઘણો અટપટો છે, અને એના ઉદ્‌ગમથી લઈને આજ સુધી એણે જે યાત્રા કરીને જે સ્થાન મેળવ્યું છે ત્યાં સુધીનાં એના પટ પર નજર કરીશું તો જણાશે કે, પત્રકારત્વએ કેટલી બધી કરવટ બદલી છે અને કેટલા બધા ક્ષેત્રોમાં પોતાનો પગ પેસારો કર્યો છે. પત્રકારત્વનું ક્ષેત્ર જે રીતે વિકાસ પામ્યું છે. એ જોતા એવું લાગે છે કે, વિજ્ઞાનની કોઈપણ પ્રથમ શોધ સમાચારપત્રના અને એના પેટા વિભાગોનાં વિકાસમાં સૌથી પહેલી ભૂમિકા નિભાવી છે. પત્રકારત્વ એટલે દુનિયાનાં કોઈપણ ખૂણે બનેલી મહત્ત્વની કે બિનમહત્ત્વની ઘટનાને જે તે પરિવેશમાંથી જે તે વ્યક્તિ વિશેષ પાસેથી કોઈ અન્ય પરિવેશમાં વ્યક્તિ પાસે કે સમુદાય પાસે કે જનસમુદાય પાસે મોકલવું. એવી સામાન્ય સમજ કેળવી શકાય. (અલબત્ત આજે તો આ આપ-લે કે સંક્રમણ માટે ટૅકનોલોજી હાજર છે.) પણ અહીં આપણે પત્રકારત્વ વિશે વાત કરતા હોઈએ

તો સમાચારપત્ર, સામયિક, પત્રિકા, નોંધ, વગેરે અભિપ્રેત રહેશે. આની પડખે છે પત્રકાર, પ્રકાશન, પ્રકાશક, પ્રચાર-પ્રસાર વગેરેનો પણ વિચાર કરી શકાય. તો એના વિશે આપણે હવે મહત્ત્વના મુદ્દાઓ તપાસીએ જે નીચે મુજબ છે.

**૧.૧ પત્રકારત્વનો અર્થ :-**

ઈશ્વરે માણસને બધા પ્રાણીઓમાં સૌથી વધારે જિજ્ઞાસુ બનાવ્યો છે અને ચેતનાથી ધબકતો બનાવ્યો છે. માણસ સદાય કંઈક મેળવવાનાં આશય દ્વારા આ જિજ્ઞાસા સંતોષતો રહ્યો છે. એની મૂળભૂત પ્રકૃતિ જ આવી રીતે ઘડાઈ છે અને એનું પરિણામ આપણી સામે છે. માણસે પૃથ્વી સિવાયનાં વાતાવરણને ફેંદી નાખ્યું છે. આપણી સૂર્યમાળાનાં ગ્રહો અને બ્રહ્માંડનાં અન્ય અવકાશમાં એના ખાંખાખોળા ચાલુ છે.(હાલમાં જ મનુષ્યએ બનાવેલ વાયેઝર-૧-૨ નામનાં કૃત્રિમયાન આપણી સૂર્યમાળા વટાવીને બહાર નીકળી ગયા છે.) એવું કહેવાય છે કે, આ સમસ્ત બ્રહ્માંડમાં સૌથી પહેલા પત્રકાર નારદમુની હતાં. દેવતાઓ અને દાનવો વચ્ચેનાં સારા-નરસા વ્યવહારની જોડતી કડી રૂપે તેઓ પત્રકારનું કામ કરતાં હતાં. તો શું આ પત્રકારત્વનો વ્યવસાયિક પ્રારંભિક છે. ઈતિહાસના ગ્રંથોના સંદર્ભે આટલો જૂનો હોઈ શકે ખરો ? બેશક હોઈ શકે. આ મત સાથે કોઈ સહમત થાય કે ના થાય પણ આ વાતમાં વજૂદ તો છે જ. આપણે જોઈ શકીએ છીએ કે, આ પત્રકારત્વનું નામકરણ તો આ ક્ષેત્ર જ્યારથી આપણી સામે એક વ્યવસાય તરીકે ઉભરી આવ્યું ત્યારથી જ થયું ગણી શકાય. પત્રકારત્વ આજથી થોડા સમય પહેલા એક મીડિયા કે એક વ્યક્તિ પર આધારિત હતું. આજે તો એના રંગ-રૂપ, ઢંગ, આકાર, સ્વરૂપ, પધ્ધતિ લગભગ બધુ જ બદલાઈ ગયું છે. એનું એક મૌખિક, લિખિત, દ્રશ્યાત્મક, રેકોડિંગ વગેરે સ્વરૂપે પણ આપણી સામે આવી ગયું છે. દિનપ્રતિદિન, વધતી જતી માણસની આંકાક્ષા અને જિજ્ઞાસાએ ન જાણે કેટલાય નારદમુનિનો આવિષ્કાર કર્યો છે.

પત્રકારત્વ શબ્દ સાથે જે રીતે આપણે નારદનું નામ જોડીએ છીએ. એના વિશે જાણવાની ઈચ્છા કોને ન થાય ? અને આપણા મનમાં પણ જાત જાતનાં પ્રશ્નો ઉદ્‌ભવે છે. દા. ત. પત્રકારત્વ શું છે ? પત્રકારત્વનું કાર્યક્ષેત્ર કયું ? શું એના કોઈ નિયમો છે ખરા ? વગેરે.

તો એવું કહેવું જોઈએ કે, પત્રકારત્વ એક કળા છે. એક એવી કળા જે કોઈપણ વ્યક્તિ, સમાજ, પ્રદેશ, જ્ઞાતિ અને પદાર્થ વચ્ચેનું અંતર ઘટાડી દે છે અને એ એવી રીતે કાર્ય કરે છે જેમ કે શીતળ પ્રકાશ આપતાં ચંદ્રની દાગવાળી બાજુને પણ સૌંદર્યત્તમ બનાવી દે છે. એટલે એમ પણ કહી શકાય કે પત્રકારત્વ દરેક વાતના મૂળ સુધી પહોંચવામાં માનતું એક તત્વ છે.

પત્રકારત્વ વિશે વિવિધ વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ હવે જોઈએ જેથી કરીને પત્રકારત્વ શું છે? એનો ખ્યાલ આવે અને એનું કાર્ય ક્ષેત્ર શું છે ? એનો પણ ખ્યાલ આવે.

**૧.૨ પત્રકારત્વની વ્યાખ્યાઓ :-**

"પત્રકારત્વ પાંચમો વેદ છે. જેના દ્વારા જ્ઞાન-વિજ્ઞાન સંબંધિત વાતોની જાણકારી દ્વારા આપણે આપણી બુદ્ધિનો વિકાસ કરી શકીએ છીએ."[૧]

"પત્રકારત્વનું લક્ષ સેવા કરવાનું છે."[૨]

"પત્રકારત્વ જનસેવા છે એક કળા છે."[૩]

"પત્રકારત્વ એક એવો વ્યવસાય છે જેનો સીધો સંબંધ સામાજીક જ્ઞાન સાથે છે. આ વ્યવસાય અંતર્ગત તથ્યોની જાણકારી મેળવવી, સૂઝપૂર્વક એનું મૂલ્યાંકન કરવું તથા વ્યવસ્થિત પ્રસ્તુતિ કરવી વગેરેનો સમાવેશ થાય છે."[૪]

"પત્રકારત્વ સમય અને અભિભાવક છે, તે દર્પણ અને સૂર્ય છે."[૫]

(Journalism is the times and the guardians the daily mirror and the Sun)

"પત્રકારિતા કા કામ અથવા વ્યવસાય પત્રકારિતા હૈ !!"[૬]

"સમગ્ર રીતે પત્રકારત્વ વ્યવસાય છે અને રાષ્ટ્રનાં લોકોની ચેતનાને સંકોરવા માટેનું સશક્ત સાધન છે."[૭]

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી એવું તારણ કાઢી શકાય કે, પત્રકારત્વનો વ્યવસાય એટલે તત્કાલીન ઘટનાઓ બદલાતી તાસીરવહેણો, લોકો અને વિવિધ મુદ્દાઓ પર ખૂબ ઝીણવટથી માહિતી એકત્ર કરીને એને સાબીત કરવું. વિશ્લેષણ કરીને પ્રસ્તુત કરવું એટલે પત્રકારત્વ અને એને વ્હારમાં ઉપયોગ કરનારને પત્રકાર કહી શકાય. અને જે જાણકારી મળે છે તે સમાચાર કહેવાય.

સમાચાર સંબંધિત પત્રકારત્વને ઈતિહાસનો પ્રથમ દસ્તાવેજ કહેવામાં આવે છે. (ફર્સ્ટ ડ્રાફ્ટ ઑફ હિસ્ટ્રી ) પત્રકારત્વને ૧૭મી ૧૮મી સદી પૂર્વે (પિરિયોડિકલ) નામથી ઓળખવામાં આવતું હતું, એનો મતલબ થાય છે નિયતકાલીન. આ પિરિયોડિકલનું સ્થાન લેટિન ભાષાનાં 'ડિયૂરનલ' અને 'જર્નલ' શબ્દોએ લઈ લીધું છે અને એટલે જ આજે શોધ- વિષયોનું આધિપત્ય- પ્રતિનિધિત્વ જર્નલ પાસે છે. આજ 'જર્નલ' પરથી આપણને 'જર્નાલિઝમ' શબ્દ મળ્યો છે. એનો અર્થ આપણે 'પત્રકારત્વ' કરીએ છીએ. આ 'જર્નાલિઝમ' શબ્દનો ઉદ્ભવ 'જર્ની' શબ્દ પરથી બન્યો એવું માનવામાં આવે છે. જે એક પેચીદો શબ્દ છે જેનો મતલબ થાય છે 'રોજેરોજની ગતિવિધિઓ અને ઘટનાઓનું વિવરણ આપવું.' સમયની સાથે પત્રકારત્વએ ઘણા પહેલુંઓ બદલ્યા છે, ઘણા સીમાડા વટાવ્યા છે અને ઘણું પરિવર્તન પામ્યું છે. આ પત્રકારત્વના મહત્ત્વ અને ઈતિહાસને પણ જાણવો જોઈએ.

### **૧.૩ પત્રકારત્વનો મુખ્ય ઉદ્દેશ :-**

વિદ્વાનોએ આપેલાં મંતવ્યોમાંથી એ વાત જાણવા મળે છે કે, એમણે પત્રકારત્વનાં અલગ અલગ મુદ્દાઓ પર ખાસ્સી વિચારણા કરી છે. એક તરફથી પત્રકારત્વ સૂચનાઓ અને સમસ્યાઓ તથા સમાચારોનું સંકલન, સંપાદન, પ્રકાશન અને પ્રસારણ છે તો બીજી બાજુએ વર્તમાન સમયનો ધબકાર અનુભવ કરવાનું સાધન પણ છે. પત્રકારત્વ લોકોની સેવા કરે છે, અન્યાય અને શોષણનો પ્રતિકાર કરે છે અને સર્જનાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પણ આપે

છે. આપણે એનો જરા વિશાળ અર્થ લઈએ તો એમ કહી શકાય કે, પત્રકારત્વ સમાજમાં ઉચ્ચ મૂલ્યો અને ઉંચા આદર્શો પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે. આ બધામાં એના મુખ્ય ત્રણ ઉદ્દેશ્ય છે તે આ પ્રમાણે છે.

(૧) સૂચનાનું સંક્રમણ.

(૨) શિક્ષણ આપવું.

(૩) મનોરંજન.

**(૧) સૂચનાનું સંક્રમણ :-**

પત્રકારત્વ દરેક માણસને વિશ્વનાં કોઈપણ ખૂણે બનતી ઘટનાથી પરિચિત કરાવે છે. એ દ્વારા જનસમુદાયને સરકારી નીતિઓ અને ગતિવિધિઓ વિશે જાણકારી પ્રાપ્ત થાય છે એમ કહી શકાય કે, એક રીતે પત્રકારત્વ લોકહીતનું સંરક્ષણ કરે છે.

**(૨) શિક્ષણ આપવું :-**

સૂચનાઓ કે ખબર આપવાની કામગીરી સિવાય પત્રકારત્વનું મુખ્ય કામ શિક્ષણ આપવાનું પણ છે. પત્રકારો જનતાની આંખ અને કાન હોય છે. પત્રકાર જે જુએ છે સાંભળે છે તેને લિખિત સ્વરૂપમાં અથવા તો ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા જનતા સુધી પહોંચાડે છે. એ દ્વારા માણસોને ચોક્કસ દિશા આપે છે. સંપાદકોના અગ્રલેખો, તંત્રીલેખો, ભાવકોના પત્રોનાં જવાબ, ચર્ચાપત્રો વગેરે પધ્ધતિઓ દ્વારા જનતાને તત્કાલીન સમયનાં મહત્વપૂર્ણ વિષયોનું જ્ઞાન આપીને એમની માનસિક જરૂરિયાત પૂરી કરે છે. દેશની જે માનસિક ચેતના છે એને પત્રકારત્વ ઉત્તેજિત કરે છે. એ રીતે પણ પત્રકારત્વ શિક્ષણનું કાર્ય બજાવે છે.

**(૩) મનોરંજન :-**

મનોરંજન રેડિયો તથા દૂરદર્શનનું મુખ્ય કાર્ય છે, પણ સમાચારપત્રો અને પત્રિકાઓ(હાલનાં સમયમાં તો જાત-જાતની દરેક વારની પૂર્તિઓ) પણ આ બાબતે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. કેમ કે દરેક માણસની માનસિકતા જુદી જુદી છે અને કોણ શું ઈચ્છે છે. તે પત્રકારત્વ સારી રીતે જાણે છે.એટલે ભાવકોની ભિન્ન રૂચિ અનુસાર એમાં લખાણ અને

સાહિત્ય પિરસાતું હોય છે. (ઉ.દા. ફિલ્મ, વિશેનાં સારા-નરસા પ્રસંગો, કવિતા, ટૂચકા, ઉખાણાં, વાર્તા, નવલકથા, વિજ્ઞાનની રમતો વગેરે ) અને સમાચાર પત્ર પત્રિકાઓમાં મનોરંજનની સામગ્રી બધા ભાવકોને પોતાની તરફ આકર્ષે છે આ મનોરંજનમાં લગભગ તો શિક્ષણનો અંશ કે તત્વચિંતન કે બોધ છુપાયેલો પડ્યો હોય છે. જેમ કે રાજકીય કાર્ટૂન તથા વ્યંગ-હાસ્ય-કટાક્ષ વગેરે જેવી બાબતો. જો કે એ દ્વારા સામાજિક-રાજકીય જીવનમાં શુદ્ધ વિચારોનું આરોપણ કરવાનું ધ્યેય હોય છે. એમ કહી શકાય કે, મનોરંજન માણસની રસરૂચિનું મહત્ત્વનું અંગ છે.

**૧.૪ પત્રકારત્વનું મહત્ત્વ :-**

આપણે આજનાં જમાનાની દોડધામને લઈને એ વાત પર વિચાર નથી કરવા માંગતા કે પત્રકારત્વ આપણા જીવન સાથે કેટલું બધું વણાઈ ગયેલું છે. જો બહુ જ ઝીણવટથી એ બાબત પર વિચાર કરવામાં આવે તો આપણા અંદાજ બહારની વાતો જાણવા મળે એમ છે. આ ખબરો કે જાણકારી આપણા સુધી કઈ રીતે પહોંચે છે. એનો વિચાર શુદ્ધા આપણે કરતા નથી. એની પાછળની મહેનતને આપણે અવગણીએ છીએ. પહેલાના જમાનાની સરખામણીએ આજની વિકસિત વ્યવસ્થામાં પત્રકારત્વનાં બદલાતા સ્વરૂપે પત્રકારોને એમના હાથમાં કલમ સિવાય કેમેરા, મોબાઈલ, રેકોર્ડર, લેપટોપ, ઈન્ટરનેટ કનેકશન, વગેરે અત્યાધુનિક ઉપકરણો આપી દીધાં છે. કોઈપણ ઘટના કે ખબરને વિડીયો દ્વારા પ્રસ્તુત કરી શકાય છે. કોઈપણ જાતની ઘાલમેલ વિના એ આપણા સુધી પહોંચે છે. ઈતિહાસના સમાચારોને ખૂબસૂરતી સાથે પ્રસ્તુત કરી શકાય છે. લગભગ બધુ જ કાર્ય પત્રકારત્વનો એક હિસ્સો બની ગયું છે. એટલું જ નહી કોઈપણ પ્રાકૃતિક ઘટના કે આવેલી મુશ્કેલીના સમયે પત્રકારત્વ પોતાની મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. એ એને પોતાનું સામાાજિક કર્તવ્ય સમજે છે. પત્રકારત્વ સાહસિક અને સામાજિક કાર્ય ખૂબ નીડરતાથી કરે છે. ચૂંટણી પ્રચાર અર્થે તે દેશનાં નાનાં નાનાં વિસ્તારોનાં વિચારો, વિશેષજ્ઞોના મંતવ્યો, આપણી સંસ્કૃતિ સાથે આપણો પરિચય, પોતાની કલાઓ સાથે વિશ્વમાંથી લગભગ નામશેષ થઈ રહેલી જાતિઓ એમની સંસ્કૃતિ વિશેની જાણકારીથી આપણને પરિચય કરાવે છે. રમતોનું સીધું પ્રસારણ, શિક્ષણ

બાબતનાં અનેક સિદ્ધાંતો વિશેની ચર્ચા-વિચારણાનું કાર્ય કરે છે.

### **૧.૫ પત્રકારત્વનું ક્ષેત્ર :-**

પત્રકારત્વ અંતર્ગત સમાચારપત્રોની પ્રકૃતિ અથવા સ્વરૂપ વિસ્તૃત ફલક પર કાર્ય કરે છે. પત્રકારત્વ દરેક પ્રકારની સમસ્યાઓ સાથે સંબંધ ધરાવે છે. એ ઘણી બધી રીતે આપણાં જીવનમાં ભૂમિકા નિભાવે છે. ઉ.દા. તરીકે

(૧) ટેલિવિઝન

(૨) સમાચાર પત્ર - પત્રિકાઓ

(૩) જાહેરાતો

(૪) ફિલ્મ

(૫) રેડિયો

(૬) ઈન્ટરનેટ

(૭) સામાયિકો

ઉપરોક્ત માધ્યમો દ્વારા પત્રકારત્વ જનસમુદાયનું યથાયોગ્ય ઘડતર કરે છે. સમાજને સાચી દિશા આપવાનું કાર્ય કરે છે એ બાબતની પૃષ્ટિ માટે આપણે પત્રકારત્વનાં અન્ય ક્ષેત્રો પણ જોઈએ.

#### **(૧) શૈક્ષણિક પત્રકારત્વ :-**

શૈક્ષણિક પત્રકારત્વ એક એવું ક્ષેત્ર છે જેને ખરેખર બહુ ધ્યાન પર લેવામાં આવ્યું ન હતું. પણ સામે એના સારા પરિણામો જોઈ શકાય છે.આ ક્ષેત્રને વિકસિત કરવા માટે જે શૈક્ષણિક સંસ્થાઓએ કોશિશ કરી તેમાં એન.સી.ઈ.આર.ટી. મુખ્ય છે અને બીજી યુ.જી.સી. આ સંસ્થાઓ છાશવારે ઉપયોગી વાર્તાલાપોની બેઠકો અને કાર્યશાળાઓનું આયોજન કરે છે. આમ જોવા જઈએ તો પત્રકારત્વ અને શિક્ષણનો સીધો સંબંધ છે. એક સ્તર પર તો બેઉનાં

ઉદ્દેશ્યો પણ સમાન જ છે.

**(૨) ગ્રામીણ પત્રકારત્વ :-**

ગ્રામીણ પત્રકારત્વ સ્વાસ્થ્ય, ખેતી, પોષણ, ઉત્પાદન, પધ્ધતિઓ, પરિવાર કલ્યાણ તથા વિકાસાત્મક ગતિવિધિઓ વિશે જાણકારી આપવાનું કાર્ય કરે છે. આમેય ભારત ગામડાઓનો દેશ છે. (જો કે આજે ગામડા ભાંગીને શહેરો બનાવી દેવામાં આવે છે.) દેશની લગભગ વસ્તી ગામડાઓમાં જ રહે છે, એટલે ગ્રામીણ પત્રકારત્વ દ્વારા જનતાની મુશ્કેલીઓ, એમની આશાઓ, આકાંક્ષાઓ વગેરેને આ માધ્યમ દ્વારા સામે લાવવી એ સમાચારપત્રોનું મુખ્ય ઉત્તરદાયિત્વ છે. ગામડાની જરૂરિયાતો સાથે જોડાયેલા સમાચાર, આલેખ- આદિ ગ્રામીણ પત્રકારત્વનાં વિષયો છે. દા. ત. વીજળી, ખાતર, પાણી, કૃષિ, પશુપાલન, પંચાયતીરાજ, સહકારી મંડળીઓ.

**(૩) આર્થિક પત્રકારત્વ :-**

આજનો જમાનો આર્થિક પરિસ્થિતિને ખૂબ જ ન્યાય આપે છે, કારણ કે આજે આપણે પુંજીપ્રધાનતામાં જીવનારા લોકો બની ગયા છે. ઔદ્યોગિક ક્રાંતિએ આમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. આપણે જાણીએ છીએ કે, થોડા વર્ષો પહેલા આપણા પત્રકારો-સંપાદકો કે ભાવકોને આર્થિક સમાચારો પ્રત્યે કોઈ રૂચિ ન હતી. ગુજરાતી સમાચાર પત્રોની હાલત તો આપણે જાણીએ છીએ કે, ખરાબ જ હોય. આ બાબતે દેશ-વિદેશનાં અર્થતંત્ર સાથે જોડાયેલી બધી જ ઘટનાઓ આ પત્રકારત્વમાં સમાવેશ પામે છે. બજાર, શેરબજાર, યોજનાઓ, નાણું, બેંક, મંડળીઓ, વસ્તુઓ બધી જ બાબતોનું વિશ્લેષણ આ પત્રકારત્વ કરે છે. આજે તો ફક્ત આર્થિક સ્થિતિ સાથે જોડાયેલા જ અધિકતર પત્રો આપણી સામે છે.

**(૪)રમત-ગમત- પત્રકારત્વ :-**

ખેલ જગત માનવ જીવનમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સ્વાસ્થ્ય અને મનોરંજન તથા માનસિક વિકાસ સંદર્ભે પણ મનુષ્યએ પત્રકારત્વની મહત્તા સમજી લીધી છે. આજના જમાનામાં દુનિયાના જુદાં જુદાં દેશોમાં રમાતી સ્પર્ધાત્મક રમતો દ્વારા રમતોની

લોકપ્રિયતા અને ખેલાડીઓની લોકપ્રિયતા બની રહી છે. ઓલમ્પિક અને એશિયાડ રમતોએ આ પત્રકારત્વને એક નવો આયામ આપ્યો છે. જે દેશ-રાજ્ય-સંસ્કૃતિનાં વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આજે કોઈપણ દેશ એવો નથી કે કોઈપણ રાષ્ટ્રિય- આંતરરાષ્ટ્રિય સ્તર પર કોઈ રમતની સ્પર્ધા ન યોજાઈ હોય. આજે તો રમતના ચોક્કસ પત્રો અને સામાયિકો બહાર પડે છે. અને સમાચાર પત્રોમાં એની માટે ચોક્કસ પૃષ્ઠ ફાળવવામાં આવે છે. આ દ્વારા રમતોને પ્રોત્સાહન મળે છે.

**(૫) ગુનાશોધક પત્રકારત્વ :-**

જ્યારે કોઈ વ્યક્તિ અથવા કોઈ કાનૂની અધિકારી કોઈ તથ્ય કે વાત છૂપાવવા માંગતા હોય ત્યારે આવી અન્વેષણાત્મક પત્રકારત્વની શરૂઆત થઈ જતી હોય છે. આવી પ્રવૃત્તિ સાચા ઉદ્દેશોથી પ્રેરિત હોય ત્યાં સુધી વાંધો આવતો નથી. તો એ સમાજ અને રાષ્ટ્રની બહુ જ મોટી સેવા સાબિત થશે, પરંતુ ચારિત્ર પર શંકા કે સંસ્થાને અપમાનિત કરવાની પ્રવૃત્તિ શરૂ થાય. ત્યારે તે ‘‘પીળી પત્રિકા’’ તરીકે ઓળખાય છે. આવા સમાચારપત્રોનો ઉદ્દેશ્ય શુધ્ધ હોવો જોઈએ.

**(૬) વિજ્ઞાન પત્રકારત્વ :-**

વિજ્ઞાનનો ખૂબ ઉંડો પ્રભાવ આપણા જીવન પર પડેલો છે અને એટલા માટે વિજ્ઞાનમાં રસરૂચિ હોય એ વાત સામાન્ય જ ગણાય. વિજ્ઞાન સંબંધિત કોઈપણ શોધ અથવા વિજ્ઞાન જગતમાં થતી હલચલ વિજ્ઞાન પત્રિકાઓ દ્વારા જ આમ જનતા સુધી પહોંચે છે. એ માટે એ વિષયના પત્રકારો બને તેટલી સરળ ભાષામાં અને સુબોધ પધ્ધતિઓનો આશરો લેતાં હોય છે. આજની ટૅકનોલોજી પત્રકારત્વને આભારી છે અને પત્રકારત્વના વ્યવસાયને બદલનાર પણ ટૅકનોલોજી જ છે.

**(૭) રેડિયો પત્રકારત્વ :-**

આ પત્રકારત્વમાં શ્રાવ્ય- સાંભળવાની ભૂમિકા મહત્ત્વની છે. મનોરંજનની સાથે આવતા સમાચાર બુલેટિનનો સમય તે આવી પત્રકારત્વની મુખ્ય કામગીરી છે. આકાશવાણી

માટે સમાચાર તૈયાર કરવાની જવાબદારી ખૂબ જ અગત્યની છે. સમાચારો સિવાય વાર્તાલાપ, પત્રોના જવાબ, સમાચાર દર્શન, અહેવાલ વગેરે આજે પણ રેડિયો પત્રકારત્વને આભારી છે અને આજે પણ રેડિયો ટકી રહ્યો છે, એ એની સફળતાની સાક્ષી પૂરે છે.

### (૮) વિકાસપરક પત્રકારત્વ :-

આર્થિક અને સામાજિક ક્ષેત્રોનાં વિકાસ માટે રચનાત્મક લખાણ એ મહત્ત્વનું છે. પત્રકારોની મુખ્ય જવાબદારી એ છે કે, પોતાના ભાવકોને એના મૂળ તથ્યની જાણકારી આપવી અને શકય હોય ત્યાં નિષ્કર્ષ પણ આપવો. વિશુદ્ધ વિકાસાત્મક લેખનને સાક્ષરતા, આર્થિક ગતિવિધિઓ, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ નીતિ અને યોજનાઓ, પરિવહન, ઉર્જા, સંચારજનમાધ્યમ, શ્રમ અને શ્રમવિભાજન, રોજગાર, વિજ્ઞાન અને ટેકનિક, રક્ષા અને અનુસંધાન, ઉત્પાદન પધ્ધતિ, સ્વાસ્થ્ય પરિવાર યોજના- શહેરોનો વિકાસ, ગ્રામીણ વિકાસ, સારવારની સુવિધાઓ, આવાસ અને નિર્માણ તથા પર્યાવરણ અને પ્રદૂષણ આ બધી જ બાબતો પર આ પત્રિકા પ્રકાશ પાડે છે.

### (૯) ફિલ્મ પત્રકારત્વ :-

આજનો સમાજ ફિલ્મોથી ખૂબ જ પ્રભાવિત છે. એટલે આ પત્રકારત્વ એનાથી વિમુખ કઈ રીતે રહી શકે. ફિલ્મનાં કલાકારોનો પરિચય, ફિલ્મોની સમીક્ષાઓ, એમના ચઢાવ-ઉતાર, લેખો, વગેરેના પત્રો આપણી સામે છે.

### (૧૦) ટેલિવિઝન પત્રકારત્વ :-

રેડિયોની જેમ ટી.વીના સમાચાર, કાર્યક્રમો, ટી.વી. પત્રકારત્વના નમૂના છે. એની માટે ખાસ પ્રકારની સુવિધાઓની અને સજ્જતાઓની જરૂર પડે છે. અનુભવ પણ પત્રકારને જોઈએ. શ્રાવ્ય ધ્વનિ, દ્રશ્ય લેખન, શબ્દના ઉચ્ચારણ, વગેરેનું જ્ઞાન ટેલિવિઝનના પત્રકારને હોવું જરૂરી છે. આજે તો સ્પેશ્યલ સમાચારિક ચેનલો ઉપલબ્ધ છે. એ આ પ્રકારનાં પત્રકારત્વને ખૂબ જ પ્રોત્સાહન આપે છે.

### (૧૧) સાહિત્યિક/સાંસ્કૃતિક પત્રકારત્વ :-

આ પત્રકારત્વનાં ક્ષેત્રમાં આજે તો ઘણો વિકાસ થયેલો જોવા મળે છે, પણ તેમ છતાં આપણી રાજનીતિ આ પત્રકારત્વ પર પૂર્ણ રીતે રાજ કરી રહી હોય એમ લાગે છે. દિલ્હીનાં રાજકીય વર્તુળો જ સમાચારનું કેન્દ્ર બની ગયા હોય એવું લાગે છે. આ પરિસ્થિતિમાં સાહિત્યિક-સાંસ્કૃતિક સમારોહનું સ્થાન મળવું મુશ્કેલ છે અથવા મળે છે તો નહિવત્ મળે છે. એટલે જરૂરી એ છે કે, સાહિત્યકારોમાં સંમેલનો, વિચાર-બેઠકો, પુસ્તક વિમોચન, પ્રસંગો, વિવેચનાત્મક ચર્ચાઓ, કવિ-ગોષ્ઠિઓ, સંગીત, નાટક, નૃત્ય, ચિત્ર આદિ બાબતોને પત્રકારત્વના માધ્યમથી પ્રોત્સાહન આપવું જોઈએ. આજે એ બધુ થઈ રહ્યું છે. પણ મર્યાદામાં અને થોડા જૂજ લોકો દ્વારા નિશ્ચિત વર્ગ માટે જ આ સિવાય પણ પત્રકારત્વના ઘણા પ્રકારો-વિભાગો પાડી શકાય એમ છે.

### ૧.૬ પત્રકારત્વનો ઉદ્ભવ અને વિકાસ :-

પત્રકારત્વના ઈતિહાસનો સવાલ છે ત્યાં સુધી એ લગભગ હજાર વર્ષથી પણ વધુ પુરાણું છે. એવું માનવામાં આવે છે કે, પત્રકારત્વની સૌથી પહેલી શરૂઆત ચીનનાં તુંગ વંશના શાસન દરમિયાન થઈ અને આપણે એ પણ જાણીએ છીએ કે, કાગળની શોધ પણ સૌથી પહેલા ચીને જ કરી છે. કાગળના એ ટુકડાને પત્ર જ કહેવાય છે પછીથી એમાં સુધારા-વધારા થતાં રહ્યાં છે.

ચીન પછી હાથથી સમાચાર લખીને વહેંચવાની શરૂઆત યુરોપમાં થઈ અને ઈ.સ. ૧૩૨૬માં એમણે પોતાનું પહેલું સમાચાર પત્ર ‘યુરોપિયન સમાચાર’ પત્ર પ્રકાશિત કર્યું પરંતુ જર્મનીએ ૧૪૫૦માં વર્તમાન સમાચાર પત્ર ઉપર છપાઈ કામની શોધ દ્વારા જબરદસ્ત તહલકો મચાવી દીધો. કોલંબસની સમુદ્રની યાત્રાને જાહેર જનતાની ખબર બનવાનું બહુમાન ઈ.સ. ૧૪૫૩માં મળ્યું. એ સમયે છાપા નિયમિત પ્રકાશિત નહોતા થતાં. ઈ.સ. ૧૬૦૫માં જર્મનીએ સૌથી પહેલા સાપ્તાહિક સમાચાર પત્ર ‘એબિસો રિલેશન ઓર્ડર જેટીંગ’ પ્રકાશિત કર્યું અને પત્રકારત્વના ક્ષેત્રે જાણે ક્રાંતિ આવી ગઈ. આ પત્રની અસર ભણેલા-ગણેલા લોકોની સાથે વ્યાપારીઓ પર પણ પડી. જેમણે આ પત્રના માધ્યમથી એક શહેરના વ્યાપારિક મુદ્દાઓ

વિશેની જાણકારી મેળવી અને પછી તો એટલી ગતિથી એ માંગ વધી રહી છે કે, જુદા જુદા પ્રકાશનો ખુલવાની તૈયારી કરી રહ્યાં હતાં. આજે આપણે જોઈ શકીએ છીએ કે, એ કેટલી બધી વિકાસમાન પ્રવૃત્તિ બની ગઈ છે. ઈ.સ. ૧૬૨૧માં લંડનમાં નેથેલિયન બટરે એક અંગ્રેજી સમાચાર પત્ર પ્રકાશિત કર્યું. આ સમાચાર પત્રોને એટલો સરસ પ્રતિસાદ મળ્યો કે, એ સમયનાં ફક્ત પાંચ જ વર્ષની અંદર હોલેન્ડમાં ૧૦૦થી પણ વધુ એવા સમાચાર પત્રો પ્રકાશિત થયાં જેમાં જાહેરાતોને પણ સ્થાન મળ્યું. એ ડચ સમાચારપત્રોનાં અનુવાદો આખા યુરોપમાં પ્રસાર થયો હતો.૧૯મી સદીમાં આ ક્ષેત્રના રાજકીય જાણકારોએ એને 'ફોર્થ એસ્ટેટ' નામ આપ્યું. આજ સમયે બ્રિટનનાં ધ ટ્રોમા ઑફ લંડન પત્રએ મધ્યમ વર્ગમાં પોતાનું સ્થાન બનાવી લીધું હતું. ઈ.સ. ૧૮૩૩માં શહેરી શ્રમિકો સુધી સમાચારપત્રોના પ્રસાર અને વેચાણ કરવા માટે ''ન્યૂયોર્ક સને'' નામની પ્રકાશન સંસ્થા ઉભરી આવી. ૧૮૫૦ની આસપાસ વિદ્યુત ટેલિગ્રાફની શોધ દ્વારા સમાચાર પત્રોને ઘણી બધી સુવિધા પ્રાપ્ત થઈ અને સમાચાર પત્રોમાં ચિત્રો છાપવાની શરૂઆત ઈ.સ. ૧૮૮૦માં 'ન્યૂયોર્ક ડેઈલી ગ્રાફિક' પ્રકાશન સંસ્થાએ કર્યું. ઈતિહાસ પ્રસિદ્ધ વાત છે કે એનાથી સમાચારોએ એક નવો વળાંક મળ્યો એમ કહી શકાય. એજ અસર હેઠળ ઈ.સ. ૧૯૦૪માં ''લંડન ડેઈલી મિરર'' સંસ્થાએ લગાતાર ચિત્રોનું જ પ્રકાશન કર્યું એમ કહી શકાય. પરંતુ પત્રકારત્વનાં ક્ષેત્રે ધમાકેદાર ક્રાંતિ અને બદલાવતો આવ્યો. ઈ.સ. ૧૯૦૭માં જ્યારે 'કેસીમાઈલ ટ્રાન્સમિશન' નામના યંત્રની શોધ થઈ. જેના દ્વારા ક્ષણોમાં કોઈ ચિત્રને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલી શકાતું હતું. ૧૯૯૭માં અમેરિકાએ એક એવા સમાચાર પત્રની શોધ કરી જેમાં ન છાપવાની ઝંઝટ ન કાગળની જરૂરત. ફક્ત સ્ક્રીનને ટચ કરવાથી જ મનપસંદ સમાચાર વાંચી શકાતા હતાં. એને 'ઈલેક્ટ્રોનિક સમાચાર' પત્ર પણ કહી શકાય. આ ચમત્કાર કરનાર ઈન પર્ફોર્મેશન ડિઝાઈન લેબોરેટરીના મુખ્ય વ્યક્તિને ફાળે જાય છે. પત્રકારત્વનો ઈતિહાસ તો ખૂબ ઝીણવટથી તપાસીએ તો ખૂબ જ વિશાળ ફલક પર વિસ્તૃત સ્તરે છે, પણ આપણે અહીં મર્યાદા સ્વિકારવી પડશે.

**★ ભારતીય પત્રકારત્વનો ઉદ્ભવ :-**

ભારતમાં પત્રકારત્વની શરૂઆત કોઈ ભારતીય દ્વારા નહી પરંતુ એક અંગ્રેજ દ્વારા થઈ હતી. જ્યારે એણે ૧૭૮૦માં કોલકોત્તાથી એક સમાચારપત્ર પ્રકાશન કર્યું એ પત્રનું

નામ હતું 'બંગાલ ગેઝેટ'એ પત્ર નાનું હતું અને એ બે જ પાનાનું હતું. બાર ઈંચ લંબાઈ અને આઠ ઈંચ પહોળાઈ ધરાવતું એવા આ પત્રનું પ્રકાશન 'જેમ્સ ઓગસ્ટન' નામના એક અંગ્રેજ સંપાદકે કર્યું હતું. એ જ કારણથી એને 'હિકી ગેઝેટ' નામથી ઓળખવામાં આવે છે. હિકીએ પોતાના લક્ષનું વિવરણ કરતા લખેલું "મને મારા શરીરને બંધનમાં રાખવાથી સુખ પ્રાપ્ત થાય છે. કેમ કે એ દ્વારા હું મારા આત્મા અને મનની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની આશા રાખું છું. મારા આ પત્રનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, તે કોઈપણ રાજનૈતિક સામાજિક, વ્યવસાયિક વર્ગોનાં દબાવમાં નહીં આવે." જો કે આજે આપણને ભારતીય પત્રકારત્વનો સંતોષકારક લખેલો ઈતિહાસ મળતો નથી. ખરેખર તો એ એક શરમજનક વાત કહેવાય પરંતુ એની પાછળ કોઈ ચોક્કસ કારણો જવાબદાર છે. જૂના ઈતિહાસના એકાદ બે ગ્રંથો આપણને અંગ્રેજી ભાષામાં મળે છે.

### ★ બ્રિટિશ- શાસનકાળમાં ભારતનું પત્રકારત્વ :-

ભારતનું પહેલું મુદ્રણાલય (પ્રિન્ટીંગ પ્રેસ) ઈ.સ. ૧૫૫૦માં યુરોપથી આવેલા પોર્ટુગિઝોએ સ્થાપિત કર્યું. લગભગ ત્યારબાદ ૧૦૦ વર્ષે ૧૬૮૪મા બીજુ પ્રેસ અંગ્રેજોએ સ્થાપ્યું અને સમાચાર પત્રનાં પ્રકાશનની દિશામાં પહેલું પગલું જેમ્સ ઓગસ્ટન હિકીએ ભર્યું અને એમણે એ પત્રમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ અને શાસન વ્યવસ્થાની આકરી ટીકા કરી. જેથી એનું પ્રેસ જપ્ત કરી લેવામાં આવેલું આજ કાળમાં આવું જ એક ધારદાર સમાચારપત્ર 'ઈન્ડિયા ગેઝેટ' ૧૭૮૦માં પ્રકાશિત થયું.

૧૮મી સદીના અંત સુધી બંગાળથી 'કોલકોત્તા કેરિયર', 'ઓરિએન્ટલ સ્ટાર' અને 'એશિયાટિક મિરર', મુંબઈથી 'ગેઝેટ' તથા 'હેરાલ્ડ ગેઝેટ' અને ચેન્નાઈથી 'મદ્રાસ કેરિયર', 'મદ્રાસ ગેઝેટ' વગેરે સમાચારપત્ર પ્રકાશિત થતા હતાં. જેમનું મુખ્ય કાર્ય કંપનીનાં અધિકારીઓ, વ્યાપારીઓ અને મિશનરીઓનાં કાર્યકર્તાઓ પર નજર રાખવાનું હતું. આ બધા પત્રો જુદાં જુદાં દિવસે છપાતાં હતાં અને એકબીજાનો સહકાર સાધતા હતાં. ભારતીય ભાષાનું પહેલું સમાચાર પત્ર બંગાળમાં ૧૮૧૮માં પ્રકાશિત થયું. તેનું નામ 'સમાચાર દર્પણ' હતું. એ જ અરસામાં 'બોમ્બે સમાચાર' નામનું એક ગુજરાતી સમાચાર પત્ર ૧૮૨૨માં શરૂ થયેલું તે

આજ સુધી ચાલું છે, એટલે આવા  વિકાસમાન સમયમાં ૧૮૩૫ થી ૧૮૫૭નો કાળ સમાચાર પત્રોનાં વિકાસનો ગણી શકાય. આ સમયગાળામાં દિલ્હી, આગ્રા, ગ્વાલિયર, લાહોર, ઈત્યાદિ મોટામોટા નગરોમાં સમાચારપત્રો પ્રકાશિત થયા હતાં.

ઈ.સ. ૧૮૬૦માં ભારત-બ્રિટન વચ્ચે ટેલિગ્રાફ સંચાર શરૂ થયું અને ભારતીય પત્રકારત્વ એક ડગ આગળ વધ્યું. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને ફાળે ૧૮૫૮નું બંગાલ સાપ્તાહિક 'સોમપ્રકાશ' જાય છે. બંકીમચંદ્ર ચેટર્જીએ માસિક સમાચારપત્ર 'બંગદર્શન', અક્ષયચન્દ્ર સરકારે સાપ્તાહિક 'સારનિધિ'નું સંપાદન કરીને રાષ્ટ્રને એક નવી દિશા આપી હતી. ઈ.સ. ૧૮૬૧માં 'બોમ્બે ટાઈમ્સ', 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના નામથી પ્રકાશિત થવા લાગ્યું, એના ક્રાંતિકારી સંસ્થાપક રોબર્ટ નાઈટને ૧૮૫૭માં કોલકાતાની 'ધ એન્ડ ઑફ ઈન્ડિયા પત્રિકા' ખરીદી લીધી. એ જ વર્ષે 'સ્ટેટમેન' પણ અસ્તિત્વમાં આવ્યું. અંગ્રેજી ભાષાનાં પ્રકાશનોમાં અલાહાબાદનું 'પાયોનિયર', મદ્રાસનું 'મદ્રાસ જેલ' (૧૮૬૮) અને લાહોરનું 'સિવિલ એન્ડ મિલેટ્રી ગેઝેટ' (૧૮૭૬) મહત્ત્વપૂર્ણ છે. આ સમયની મહત્ત્વની પત્રિકાઓમાં 'મરાઠા' અને 'ઈન્ડિયા રિવ્યૂ' ક્રાંતિકારીઓ માટેની પત્રિકાઓ હતી. બાલમુકુન્દે કલકત્તાથી હિન્દી સાપ્તાહિક 'ભારત મિત્ર'નું સંપાદન કર્યું. ભારતેન્દુ હરિશચન્દ્રએ હિન્દી સાહિત્યિક માસિક 'કવિવચન સુધા' તથા 'હરિશચંદ્ર' મેગેઝિનનું પ્રકાશન કર્યું. આ પ્રકાશનોમાં ખાસ કરીને એ સમયનાં રાજનૈતિક સામાજિક તથા દેશ ભક્તિની ભાવનાઓ જેવા મુદ્દાઓ પર ધ્યાન આકર્ષિત કરવામાં આવતું. મહાત્મા ગાંધીને 'યંગ ઈન્ડિયા' તથા 'હરિજન'ના માધ્યમથી પોતાના વિચારો પ્રગટ કર્યા. પ્રસાર કર્યા ૧૯૧૦-૨૦માં ઉર્દૂ પત્રિકાઓનો વિકાસ થયો. મૌલાના અબ્દુલ કલામ આઝાદ કોલકાતાથી 'અલહિલાલ' અને 'અલબિલાગ' અને મોહમ્મદ અલીએ 'હમદર્દ' પત્રોનું પ્રકાશન કર્યું. ઈ.સ. ૧૯૧૩માં 'ગદર' પત્રનું પ્રકાશન અસાંપ્રદાયિકતા, ધર્મ નિરપેક્ષતા અને લોકતાંત્રિક મૂલ્યો માટે પ્રસિદ્ધ હતાં.

પત્રકારત્વ પોતાનામાં જ એક રસપ્રદ અને સનસનીખેજ ઈતિહાસ છે. આપણે એ સમજી શકયા છીએ કે, પત્રકારત્વ કોઈપણ દેશ, સમાજ, વ્યક્તિ માટે કેટલું બધુ મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે  આજે તો એનું લક્ષ અને આયામ જો કે બદલાયેલા નજરે પડે છે. તેમ છતાં જીવનમાં એનું ખાસ મહત્ત્વ છે, એ ભૂલવું ન જોઈએ.

**૧.૭ પત્રકારત્વ એક સાહિત્યિક કળા :-**

સમાચાર પત્રો આજે તો રોજેરોજની જરૂરિયાત બની ગયા છે અને વિકાસમાન ભારતની દિશા-દશા બદલવામાં એનો ખૂબ અગત્યનો ફાળો છે, છતાં કોઈપણ દેશની સંસ્કૃતિનાં વિકાસ માટે, ઔદ્યોગિક વિકાસ માટે પણ સાહિત્યનો અગત્યનો ફાળો હોય છે. તો પત્રકારત્વનાં ક્ષેત્રે જે પ્રકારો પડે છે એમાં સાહિત્યની વિવિધ કળાઓ વિશેનું પણ એક માધ્યમ છે જ. (આમ તો બધી જ લલિત કળાઓ માટે) આ પત્રકારત્વ પોતાની વાતો અને વિકાસનું પ્રસારણ કરવા સામાયિકોનો સહારો લે છે અને દેશની કે રાજ્યની સાહિત્યિક સંસ્થાઓ એનું પ્રકાશન કરતી હોય છે. ક્યારેક કોઈ સારા લેખકો પોતાની સ્વતંત્ર જનસમાજને તથા સંસ્કૃતિને ઘડવાનું કાર્ય કરે છે, એટલે પત્રકારત્વને સાહિત્યની કળા પણ કહી શકાય. કારણ કે, કળા વિના જગત શૂન્ય લાગે. એમ સાહિત્ય વિના પત્રકારત્વ અધુરું લાગે. એ દ્રષ્ટિએ પણ કળા પત્રકારત્વ માટે ખૂબ જ ઉપયોગી છે. સાહિત્યનું સમ્માર્જન અને પોષણ પણ એ જ કરે છે. એ વાત ભૂલવી ન જોઈએ. એટલે એમ કહી શકાય કે, સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં પત્રોએ એક નિશ્ચિત જગ્યા બનાવી છે અને લગભગ બધા જ એની મિત્રતા ઈચ્છે છે અને એનાથી બધા પ્રેરણા લે છે. આજે સમાજજીવનમાં અને વ્યક્તિનાં જીવનમાં સમાચારપત્રોએ અસાધારણ સ્થાન મેળવ્યું છે. આપણને એકાદ-બે દિવસ ભોજન ન મળે તો ચાલે છે પણ જો સમાચાર પત્ર એક દિવસ પણ ન મળ્યું તો આપણે બેચેન થઈ ઉઠીએ છીએ. સમાચાર પત્રોનું વ્યસન થઈ ગયું છે. અફીણ અને ગાંજાનાં નશાની જેમ જ આજના મનુષ્યને એના વિના ચાલતું જ નથી. જીવનની કઠોરતા અને દબાવથી બચવા પણ લોકો સમાચાર પત્રોનો આશ્રય લેતા જોઈ શકાય છે. આપણને સતત એવું લાગ્યા કરે છે કે, આ પત્રોએ આપણા જીવનમાં કેટલી બધી વિચિત્રતા સાથે મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવી લીધું છે.

પત્રકારત્વએ બહુ ટૂંકા સમયમાં પરિપક્વતા ધારણ કરી લીધી છે અને પોતાની સુક્ષ્મત્તમ શક્યતાઓનો ઉપયોગ જનતાને શિક્ષિત કરવામાં રાજનૈતિક ચેતના જગાડવામાં તથા વિકાસમાં પોતાની ભાગીદારી નોંધાવી છે.પત્રકારત્વનો ઈતિહાસ જાણવાથી એ પણ ખ્યાલ આવે છે કે, લોર્ડ વેલેસ્લી, લોર્ડ એડમ્સ, લોર્ડ કેનિંગ અને લોર્ડ લિટન ભારતના પત્રકારત્વનાં પ્રકાશનોની સ્વતંત્રતા રૂંધવા માગતા હતા, એમણે કેટલાય પ્રતિબંધ પણ લગાવ્યા હતાં. જો કે એમની સામે એવા પણ અંગ્રેજ અમલદારો હતા, જેમણે ભારતીય સમાચાર પત્રોને પ્રોત્સાહિત કર્યા

હતાં. લોર્ડ હેસ્ટિંગ્સ, ચાર્લ્સ મેટકાફ, મૈકાલે અને લોર્ડ રિપન જેવાઓએ ખરેખર જ પત્રકારત્વને બહુ સ્પષ્ટ અને નિષ્પક્ષ બનાવવામાં અગત્યનો ફાળો આપ્યો હતો. એમણે જે વિચાર અને હિંમતથી એ સમયના પત્રોનું સંચાલન કર્યુ તે કાબિલે તારીફ છે. એનો નમૂનો ઓગસ્ટીન હિકીનાં આ વિધાનમાં મળે છે.- ''હું જુલ્મની વિરૂદ્ધ અવાજ ઉઠાવવામાં ક્યારેય પાછો નહી પડું. ભલે મારુ પ્રકાશન કે પત્ર બંધ થઈ જાય. હું વિશ્વપ્રસિદ્ધ કવિ હોમરની જેમ કવિતાઓમાં લખી લખીને કલકત્તાના રસ્તાઓ પર ગાઈસ અને સંભળાવીશ. કવિતાઓનાં પુસ્તકો હું જાતે ફરીફરીને વેચીશ. પરંતુ જુલમ સામે ક્યારેય માથું નહી નમાવું.''

બંગાળમાં પ્રકાશિત 'દિગ્દર્શન' તથા 'સમાચાર દર્પણ' સર્વ પ્રથમ પૂર્ણ સમયનાં સમાચાર પત્રો હતા. જે જોશુઆ આર્શમને ૧૮૧૮માં પ્રકાશિત કર્યા હતાં. ઉર્દૂનું પહેલું સમાચાર પત્ર 'જર એ જહૉનુમા' એક અંગ્રેજી વ્યાપારીએ ૧૮૨૨માં કલકત્તામાં શરૂ કરેલું.

### ૧.૮ માનવજીવનમાં પત્રકારત્વનું મહત્વ :-

માણસ શરૂઆતથી જ જિજ્ઞાસુ અને ચેતનશીલ, ચિંતનશીલ પ્રાણી રહ્યો છે. એ સદાય જાગ્રત અને કલ્પનાશીલ પણ રહ્યો છે, એને સદાય કંઈને કંઈ મેળવવાની અને નવી શોધ કરવાની લાલસા રહી છે. આ જિજ્ઞાસાને લીધે તે પ્રકૃતિના રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવા માટે પ્રવૃત્ત થયો, અને એ દ્વારા એ મોટા મોટા દર્શનો આપણી સામે ઉઘડ્યા છે. આજનું વિજ્ઞાન પણ એ દ્વારા જ વિકાસ પામ્યું છે. આ બધાએ મળીને માણસને આ દુનિયાનાં બધા પ્રાણીઓમાં ખૂબ ઉંચાઈ પર સ્થાપિત કરી દીધો છે.આજના માણસની જ્ઞાનની વિશાળતા ખૂબ વિસ્તરી છે, એની બૌદ્ધિક ક્ષમતા દ્રશ્ય જગતથી પાર નીકળી ગઈ છે. વિવિધ વાતોની જાણકારી મેળવવાની ઉત્સુકતા ભિન્ન ભિન્ન પ્રકારે પ્રગટ થતી રહી છે. એમાનું એક રૂપ તે સમાચાર પત્રોનું છે. આદિકાળથી મનુષ્યને સમાચાર જાણવાની ઈચ્છા રહી છે અને એ ઈચ્છાને લઈને જ સમાચાર પત્રો કે, પત્રકારત્વનો ઉદ્‌ગમ થયો છે એ જોઈ શકાય છે.

જેમ જેમ માણસ વિકાસ કરતો ગયો તેમ તેમ સમાચારો જાણવા અને બતાવવાનાં નવી નવી પ્રયુક્તિઓ વિકસાવતો ગયો. જે સમયે કાગળ નહોતો, મશીન ન હતું એ જમાનામાં પણ રાજઆજ્ઞાઓ અને આદેશોને પહોંચાડવાની પ્રયુક્તિઓ અજમાવાતી હતી. આજે

વિકાસમાન પત્રકારત્વનું પથદર્શન, ગંભીરતા અને ગુરુતાનું પદ ત્યાગીને જ્યારે ફક્ત મનોરંજનનું સાધન બનાવી દેવાનો આદર્શ લેવાશે ત્યારે પત્રોની જગ્યા સિનેમા, નાટક અને ખેલકૂદનાં આયોજનો સિવાય શું રહી જશે ? આ ખતરાથી જ સમાચાર પત્રોએ પોતાને બચાવવાનાં છે. જો દુનિયાના અન્ય દેશોમાં પણ આ બાબતના પત્રોની સંખ્યા વધારે નથી, એટલે પત્રો અને સામાયિકોએ પોતાની જવાબદારી સમજીને કાર્ય કરવાનું છે. એ નોંધપાત્ર વાત છે. મનુષ્યની મૂળભૂત શોધ પોતાની જ શોધ છે એ એને આવા દૈનિક કે માસિક પત્રો જ શોધી આપશે એવું કહી શકાય.

### ૧.૯ પત્રકારત્વ

સાહિત્ય અને પત્રકારત્વ એક બીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. બન્નેનું માધ્યમ ભાષા છે. ત્યાંનું ઉપાદાન બન્નેના ધ્યેયને સિદ્ધ કરવામાં સાધનભૂત થાય છે ને બન્નેના ખેડાણથી ભાષા સમૃદ્ધ થાય છે. પત્રકારત્વ જીવનમાં કેવી કામગીરી બજાવે છે તે આપણે અત્યાર સુધી જોયું છે. એમાં માહિતીનાં આદાન-પ્રદાનનો મુદ્દો મુખ્ય હોય છે. તેમ છતાં સાહિત્યને પોષનાર એક મહત્ત્વનાં બળ તરીકે ધંધાદારી પત્રકારત્વે અને સાહિત્યિક પત્રકારત્વે ખૂબ મોટી કામગીરી બજાવી છે. પત્રકારો અને એમાંય જો સાહિત્યના વિદ્વાનો પત્રકાર હોય તો તો એ પ્રવૃત્તિ ખાસ્સી પ્રગતિવાન બને છે. માહિતીના માધ્યમ તરીકે વર્તમાન- સામાયિક અને જ્ઞાન પ્રાપ્તિનાં માધ્યમ તરીકે પુસ્તકો-ગ્રંથો પોત-પોતાની રીતે ઘણી અગત્યતા ધરાવે છે.

માનવજાતિના વિકાસમાં પત્રકારત્વ એક ક્રાંતિકારી પરિબળ બની રહ્યું છે. અમેરિકાના એક ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ જેફરસને તો ત્યાં સુધી કહ્યું છે કે, “અખબાર વિહોણા રાજ્યતંત્ર કરતા રાજતંત્ર વિહોણા અખબારો તેઓ વધુ પસંદ કરે.” એમ કહીને લોકશાહી કલ્યાણ રાજ્યની વ્યવસ્થામાં માહિતીનાં અધિકારને અગ્રતાક્રમ આપ્યો. એટલે જ કોઈકે કહ્યું કે,

*“ ખીંચો ન કમાનો, ન તલવાર નિકાલો,*

*જબ તોપ મુકાબીલ હૈ, તો અખબાર નિકાલો.”*

તલવાર કરતા પણ કલમની શક્તિને ચડિયાતી યોગ્ય રીતે જ ગણાવાઈ છે. પત્રકારત્વ લોકશાહી રાજ્યનો મહત્ત્વનો આધારસ્થંભ છે. ભારતમાં સૌ પ્રથમ વર્તમાનપત્ર બંગાળમાં એક ડચ નાગરિક જેમ્સ ઓગસ્ટ હિકીએ તા. ૨૯-૧-૧૭૮૦ના રોજ પ્રગટ કરેલું તે 'બંગાલ ગેઝેટ' અથવા 'કલકત્તા એડવર્ટાઈઝર' તરીકે ઓળખાતું. તેને 'હિકીનું ગેઝેટ' પણ કહેતા હતાં. ત્યાર પછી છેક તા. ૨૮-૧-૧૮૯૭ના રોજ મુંબઈમાં 'ધ બોમ્બે કુરિયર' શરૂ થયું હતું. પરંતુ તે અંગ્રેજી પત્રો હતાં.જીજીભાઈ બહેરામજી છાપગર (સને ૧૭૫૪ થી ૧૮૦૪) પોતે ગુજરાતી અક્ષરોનાં બીબાં બનાવનાર, કંપોઝિટર અને પ્રિન્ટર તરીકે પહેલા હતાં. તેમણે ગુજરાતી જાહેરાત માટે સૌ પ્રથમ બીબા બનાવ્યાં.બીજા એક પારસી ગૃહસ્થ ફરદુનજી મર્ઝબાને મુંબઈમાં ફોટોમાંથી ગુજરાતી છબી છાપવાનાં પ્રયત્ન મારફતે સને ૧૮૧૨માં ગુજરાતી અખબાર કાઢવા માટે જીજીબાઈની સહાય લીધી હતી. જીવણજી લુહાર નામનાં એક ગુજરાતી કારીગરે પણ તેમાં મદદ કરેલી.પરિણામે પ્રથમ ગુજરાતી વર્તમાનપત્ર 'શરી મુમબઈના સમાચાર'એ નામે તા. ૧-૭-૧૮૨૨ના રોજ ફરદુનજી મર્ઝબાનનાં તંત્રીપદે શરૂ થયું. તે સાપ્તાહિક હતું.તા. ૩-૧-૧૮૩૨નાં રોજ તે દૈનિક બન્યું. છ પાનાનું તે છાપુ હતું. તેમાં વાણિજ્ય, મરણનોંધો, કાવ્યો છપાતાં. આ પત્રના પહેલા જ અંકનાં પહેલા જ પાના ઉપર 'કોઈની સોનાની પેન્સિલ' ખોવાઈ ગઈ છે તે શોધી આપનારને ઈનામ આપવાની જાહેરાત છે. વચગાળામાં તે પાછું અર્ધસાપ્તાહિક પણ થયેલું. પરંતુ સને ૧૮૫૫થી તે નિયમિત દૈનિક તરીકે પ્રગટ થવા માંડ્યું. મુંબઈ સમાચાર એ રીતે ગુજરાતી ભાષામાં પ્રગટ થતું. જૂનામાં જૂનુ (આશરે ૨૦૦ વર્ષ જૂનુ) અખબાર છે. એક સર્વેક્ષણ મુજબ ભારતમાં અઢારમી સદીના અંત પહેલા સો વર્ષ ઉપર ચાલેલા ૧૯ પત્રોમાં ૪ ગુજરાતી છે. (૧) મુંબઈ સમાચાર (૨) જામે જમશેદ (૩) ખેડા વર્તમાન અને (૪) ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ તા. ૧-૯-૧૯૩૦નાં રોજ ''મુમબઈના વરતમાન પત્ર'' નવરોજી દોરાબજી ચાનદારૂ (હલકારું) એ શરૂ કર્યું હતું ૧૨ માર્ચ ૧૮૩૨ જમશેદજી જીજીભાઈએ મુખ્યત્વે પારસી કોમની સમસ્યાઓ અને સમાચારો માટે 'જામે જમશેદ' પત્ર શરૂ કરેલું. ૧૮૫૯માં કેખુશરૂ કાબરાજી તેના તંત્રી બન્યા હતા.

ગુજરાતી પત્રકારત્વના સ્પષ્ટપણે ત્રણ તબક્કા જોવા મળે છે.

(૧) આરંભકાળનું પત્રકારત્વ

(૨) સ્વાતંત્ર્ય પૂર્વેનું પત્રકારત્વ

(૩) સ્વાતંત્ર્યોત્તર કાળનું પત્રકારત્વ.

એમાં આરંભકાળનું પત્રકારત્વ વાણિજ્યિક સેવાઓ પૂરી પાડવાનાં ઉદ્દેશ્યથી જ રચાયેલું હતું એ સ્પષ્ટ છે. તેથી લે-આઉટ, રૂપ-રંગ કે કવરેજ (માહિતી)ની કોઈ સંપાદકીય દ્રષ્ટિ તેમાં નજરે પડતી નથી. ગુજરાતી પત્રકારત્વનો પ્રારંભ કરવામાં પારસી કોમનો મુખ્ય ફાળો છે. તેમની ગુજરાતી ભાષા ઘણી નબળી છે. 'શરી મુમબઈના સમાચાર' કે 'વરતમાનપત્ર' કે 'ગનેઆંન પરસારક' એવા મથાળાં નબળી ગુજરાતી ભાષાની ચાડી ખાય છે. આરંભકાળે ઉપર દર્શાવ્યા મુજબનાં ચાર વર્તમાન પત્રો ઉપરાંત 'બુધવારિયું', 'ચાબૂક', (૧૮૫૦) 'રાસ્ત ગોફતાર' (૧૮૫૧) વગેરે સામાયિકો પણ પ્રગટ થવા લાગ્યા હતાં. ફર્દુનજી મર્ઝબાન, દાદાભાઈ નવરોજી, કેખુશરૂ કાબરાજી વગેરે પારસી મહાનુભાવોના નામ પત્રકારત્વનાં ક્ષેત્રે આગળ રહેલા જોવા મળે છે.

સ્વાતંત્ર્ય પૂર્વેનાં પત્રકારત્વનો બીજો તબક્કો ઘણી રીતે મહત્ત્વ ધરાવે છે. અંગ્રેજી કેળવણીના પ્રસારથી આવેલી જનજાગૃતિએ જ્ઞાનમાહિતીની આવશ્યકતાનો લોકોને ખ્યાલ આપ્યો. સંસાર સુધારો અને પછી જ્ઞાન વિજ્ઞાનનો સ્વીકાર તથા સ્વરાજ્ય પ્રાપ્તિનું આંદોલન આ તબક્કાના વિકાસના મહત્ત્વનાં પરિબળો છે. સંસાર સુધારાની પ્રવૃત્તિને વેગવંતી બનાવવા માટે નર્મદે 'ડાંડિયો' પાક્ષિક સને ૧૮૬૪માં શરૂ કરેલું તે તેણે પાંચ વર્ષ ચલાવ્યું.

આ ગાળામાં હિંદુ અને પારસી વર્તમાન પત્રો પત્રકારત્વની સેવા બજાવવાના આદર્શ તરીકે એકંદરે નિષ્ફળ રહ્યાં અને ક્યાંક તો સત્તા અને નાણાંનો દૂરપયોગ કરી વ્યક્તિગત્ત ગાળાગાળીમાં ઉતરી પડતાં પણ જોવા મળ્યાં. અમદાવાદ તો એક જમાનામાં પીળા પત્રકારત્વના જન્મસ્થાન તરીકે પંકાઈ ગયેલું. આના વિરોધમાં સને ૧૮૯૮માં 'પ્રજાબંધુ' શરૂ થયું. તેણે તથા ગુજરાતી પંચે પત્રકારત્વનાં ઉંચા ધોરણ જાળવવા ખરેખર પ્રયત્ન કર્યો હતો, તે નોંધવું જોઈએ.

સને ૧૮૬૧માં ખેડામાં 'ખેડા વર્તમાન' અને સુરતમાં 'સુરતમિત્ર' જે પછી 'ગુજરાત મિત્ર' તરીકે ઓળખાયું તે શરૂ થયાં. સને ૧૮૮૦માં ગુજરાતી સાપ્તાહિક શરૂ થયું તે સને ૧૯૫૩ સુધી ચાલું રહ્યું. સને ૧૮૮૧માં 'કેસરે હિંદ' અને સને ૧૮૮૮માં 'કાઠિયાવાડ

ટાઈમ્સ' પ્રગટ થયાં. 'પ્રજા બંધુ' અમદાવાદમાંથી 'ગુજરાત સમાચાર'રૂપે પ્રગટ થવા લાગ્યું. ગુજરાત સમાચારમાં તેને ભેળવી દેવામાં આવ્યું. વડોદરામાં સને ૧૮૯૫માં શરૂ થયેલું. 'સયાજીવિજય' અને ૧૯૫૪માં બંધ પડ્યું. સોરાબજી કાપડિયાનાં તંત્રી પદે સને ૧૯૦૨માં મુંબઈથી 'સાંજ વર્તમાન', 'સાંય દૈનિક' તરીકે વધુ પ્રભાવક રહ્યું હતું. તે સને ૧૯૫૦માં બંધ પડ્યું. 'સૌરાષ્ટ્ર', 'જન્મભૂમિ', 'વંદે માતરમ્', 'ફૂલછાબ', 'પ્રભાત' વગેરે વર્તમાન પત્રોનો દેશહિત તેમજ લોકશિક્ષણનાં વ્યાપક પ્રસાર માટે હંમેશા થતાં રહેશે. આજ સમયગાળામાં જે સામાયિકો પ્રગટ થતાં હતા તેમાં 'નવજીવન' સામાયિકે ગુજરાતી પત્રકારત્વનાં ઈતિહાસમાં નોંધપાત્ર પરિવર્તન દાખવ્યું. ઈન્દુલાલ યાજ્ઞિક તેના તંત્રી હતાં. ગાંધીજીએ એને પોતાના હાથમાં લઈ સાપ્તાહિકમાં ફેરવેલું. બીજી તરફ ગુજરાતી પત્રકારત્વનાં ક્ષેત્રે અમૃતલાલ શેઠનું નામ જાણીતું છે. તેમણે 'સૌરાષ્ટ્ર' નામે એક પત્ર રાણપુરમાંથી શરૂ કર્યું હતું. પછીથી તે 'ફૂલછાબ' રૂપે પ્રગટ થવા લાગ્યું. આજે એ 'ફૂલછાબ' પાછળથી પ્રગટ થયેલ દૈનિક 'જયહિંદ'ની જેમ એક જવાબદાર સ્થાનિક પ્રાદેશિક દૈનિક બની ગયું. નંદલાલ બોડીવાળાનાં તંત્રીપદે સૌ પ્રથમ અમદાવાદમાંથી 'સ્વરાજ્ય' નામનું દૈનિક પ્રગટ થતું. કેટલાક વર્ષ ચાલ્યા પછી તે બંધ પડ્યું, પછી 'સંદેશ' પ્રગટ કરવા માંડ્યું. જે આજ સુધી ચાલુ રહ્યુ છે. રમણલાલ છોટુભાઈનાં તંત્રી પદેથી ૧૯૨૧માં સૂરતમાં પ્રથમ ગુજરાતી દૈનિક 'ગુજરાતી' તથા શ્રી એમ. આર. વિદ્યાર્થી દ્વારા 'સમાચાર' પ્રગટ થવા લાગ્યાં. અમદાવાદમાંથી પછી 'પ્રભાત', 'જનસત્તા' શરૂ થયાં, હાલ 'દિવ્ય ભાસ્કર' જેવા દૈનિક શરૂ થઈ આગળ વધી રહ્યા છે.

એક વાત નોંધવી જોઈએ કે, બંગાળ પછી ગુજરાતી પત્રકારત્વ ભારતમાં ઐતિહાસિક દ્રષ્ટ્રિએ બીજે સ્થાને છે. પ્રસારણની દ્રષ્ટિએ તેનું સ્થાન ચોથું છે.ગુજરાતી વર્તમાન પત્રોની ખાસિયત એ છે કે, એમાં વાણિજ્ય - સમાચારો - સેવાઓ - વ્યાપારી નોંધો અને બજારભાવના અવલોકનોની તેમજ રમત-ગમત તથા સિને સમાચારની પ્રચુર માત્રા રહેતાં હોય છે. ગુજરાતી વર્તમાનપત્રો આર્થિક રીતે સધ્ધર છે. આવા વર્તમાન પત્રો યાંત્રિક સુવિધાઓથી સજ્જ અને જાહેર સેવાને વરેલા તરીકે ગુજરાતી પત્રકારત્વની છાપ છે તે જોઈ શકાય છે.

**પાદટીપ**

૧. ઈન્દ્ર વિદ્યાવચસ્પતિ - હિન્દી શબ્દકોશ, હિન્દી સાહિત્ય અકાદમી, પૃષ્ઠ -૪૬૧

૨. ગાંધી મહાત્મા - લે.રવીન્દ્ર ભટ્ટ, ગાંધીજીના જાહેર જીવનના વિચારો, પૃષ્ઠ -૨૧

૩. ડબલ્યુ. વી. સ્ટડી. -English & Journalism Jonesegray, પૃષ્ઠ -૭૧

૪. મૂલર સી.જી. - સી.જી.મૂલરના વિચારો, સં. ગિરિજા મહેતા, પૃષ્ઠ - ૫૦

૫. નહેરુ જવાહરલાલ - લે.સરસ્વતી સંસ્થાન, ભારતીય પત્રકારત્વ કા ઈતિહાસ પૃષ્ઠ -૨૬

૬. હિન્દી સાહિત્ય અકાદમી - હિન્દી શબ્દકોશ, પૃષ્ઠ -૪૬૦

૭. રામચન્દ્ર - રેણુકા ચંદ્રશંકર, હિન્દી સાહિત્ય કે નયે આયામ, પૃષ્ઠ - ૧૦

*****